જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.ભરૂચ,ગુ.ર.નં.ાા૦૫૮૭/૨૦૨૦,ધી ઈન્ડિયન ઈલે.સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) મુજબના ગુનાના કામમા સમરી વર્ગ ''અ''નં.૩/૨૦૨૬ નાં કામે આંક–૧ લગત હુકમ.

૧) સમરી તથા તે સાથેનાં તપાસનાં તમામ પેપર્સ વંચાણે લીધા.મુળ ફરીયાદી તથા વિ.સ્પે.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટની રૂબરૂ દલીલો સાંભળી.

૨) મુળ ફરીયાદી શૈલેષકુમાર રમેશચંદ્ર પટેલ,નાયબ ઈજનેર,ડી.જી.વી.સી.એલ, રાજપીપળા–૨ પેટા વિભાગ કચેરીનાએ તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ તેઓના સબ ડીવીઝન અન્વયેનાં કાર્યક્ષેત્રમાં આવતા ગામ અકુવાડા,તા.નાંદોદ,જી.નર્મદા મુકામે તેના સાથી કર્મચારી સાથે આરોપી ભીમજીભાઈ ભીખાભાઈ કાકડીયા ડી.જી.વી.સી.એલ.નાં ગ્રાહક હોય તેઓને ત્યાં વિજચેકીંગની કામગીરી હાથ ધરતા આરોપી ડી.જી.વી.સી.એલ.ના ગ્રાહક હોવા છતા વિજ મીટરના ઈનકમીંગ ટર્મીનલમાંથી અન્ય કાળા રંગના વાયરનુ જોડાણ કરી બીટર બાયપાસ કરી બિનઅધિકૃત રીતે વિજ વપરાશ કરી વિજ ચોરી કરતા મળી આવતા સ્થળ ઉપર ગ્રાહકનુ નિવેદન તૈયાર કરી આરોપીના બનાવવાળી જગ્યાએ ઉપયોગમાં લેવાતા વિજ ઉપકરણોને ઘ્યાનમા લઈ ગણતરી કરતા આરોપી ઘ્વારા રૂ.૪,૨૬,૦૨૬.૮ ની વિજ ચોરી કરેલ હોવાનુ માલુમ પડતા આરોપી ને તે અંગેનું વિજ ચોરીનુ બીલ આપવામા આવેલ તેમ છતા આરોપીએ વિજ ચોરીના બીલની રકમ ભરપાઈ નહી કરતા ફરીયાદીએ આરોપી વિરૂઘ્ધ જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.ભરૂચ મુકામે ફરીયાદ આપતા ગુ.ર.નં.ાા ૦૫૮૭/૨૦૨૦ થી ધી ઈન્ડિયન ઈલે.સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) મુજબનો ગુનો તા.૧૨/૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામા આવેલ છે.વધુમાં ફરીયાદી વિજ કંપની તરફથી વિજ ચોરીની રકમ + ડી.પી.સી.ચાર્જ સાથે કુલ રકમ રૂ.૫,૧૬,૬૮૭/– વસુલ મેળવવા માટે વિ.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,રાજપીપળા સમક્ષ રેગ્યુ.દિવાની મુકદમા નં. ૪૩/૨૦૨૧ થી તા.૯/૩/૨૦૨૧ ના રોજ દાવો દાખલ કરવામા આવેલ હતો અને તે દાવાની નોટીશ પ્રતિવાદી–આરોપીને બજી આવેલ હતી ત્યારબાદ તે કામમા વિ.કોર્ટ ઘ્વારા મુદા ઈસ્યુ કરવામા આવેલ હતા અને ત્યારબાદ કામ વાદી–ડી.જી.વી.સી.એલ.રાજપીપળાના પુરાવા ઉપર પેન્ડિંગ હતુ તે દરમ્યાન વાદી કે તેના વિ.વકીલશ્રી મુદતે કોર્ટ સમક્ષ હાજર નહી રહેતા વિ.કોર્ટે તા.૯/૧૨/૨૦૨૨ ના રોજ વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી નાખેલ છે.વાદી–ડી.જી.વી.સી.એલ.રાજપીપળા–મુળ ફરીયાદીએ પ્રતિવાદી–આરોપી વિરૂઘ્ધ દાખલ કરેલ દિવાની કેસ વિ.કોર્ટે ડી.ડી.કરેલ હોય અને તેમા વિજ ચોરીના બીલની રકમની ભરપાઈ કરવાની પ્રતિવાદી – આરોપીની દિવાની રાહે જવાબદારી થતી નથી તેથી આરોપી વિરૂઘ્ધ ધી ઈન્ડિયન ઈલે.સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) મુજબના વિજ ચોરીના ગુનાની તપાસ આગળ ચલાવવી કે તે કામમાં ચાર્જસીટ કરવુ જરૂરી જણાય આવતુ ન હોય અને તેથી આરોપી વિરૂઘ્ધ ગુનો બનતો ન હોય સમરી ''અ'' ભરી તપાસ કરનાર અમલદાર શ્રી પી.ડી.બારોટ,પી.આઈ.,જી.યુ.વી.એન.એલ.

પો.સ્ટે.ભરૂચ દ્વારા નાયબ પોલીસ અધિક્ષક જી.યુ.વી.એન.એલ.સુરત ઝોન સુરત મારફતે અત્રેની કોર્ટને મોકલી આપવામા આવેલ છે અને તે સમરી ૩/૨૦૨૬ તરીકે રજીસ્ટરે લેવામાં આવેલ છે.

૩) સમરીની નોટીશ મુળ ફરીયાદીને બજી આવતા મુળ ફરીયાદી તેમના વિ.વકીલ શ્રી એસ.કે.જોષી સાથે હાજર થયેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ.પી.પી.શ્રી જે.જે.ગોહિલ હાજર થયેલા છે અને મુળ ફરીયાદીએ આંક–૯ થી સોગંદનામુ રજુ કરેલ છે.

૪) ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી,તેના વિ.વકીલશ્રી અને વિ.એ.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટનાઓ તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામા આવેલ છે કે,વાદી–ડી.જી.વી.સી.એલ. રાજપીપળાનાએ પ્રતિવાદી–મુળ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ રે.દિ.મુ.નં.૪૩/૨૦૨૧ વિ.પ્રિ. સીની.સીવીલ કોર્ટ,રાજપીપળાનાઓએ તા.૯/૧૨/૨૦૨૨ ના રોજ ડી.ડી.કરવાનો હુકમ કરેલ હતો તે દાવો ફરી ફાઈલે લેવા માટે વાદી–ડી.જી.વી.સી.એલ.રાજપીપળા તરફે દિવાની પરચુરણ અરજ નં.૧૧૮/૨૦૨૪ દાખલ કરેલ હતી જે વિ.પ્રિ.સીની.સીવીલ કોર્ટ,રાજપીપળાનાઓ એ તા.૨૯/૯/૨૦૨૫ ના રોજ મંજુર કરેલ છે અને દાવો ફરી રીસ્ટોર થઈ ગયેલ છે અને હવે તે કામ વાદી–ડી.જી.વી.સી.એલ.રાજપીપળાના પુરાવા પર પેન્ડિંગ છે અને તેથી દાવો નિકળી ગયેલ છે તે સંબંધે તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ ગુનો બનતો નથી તેમ માની અત્રેની કોર્ટમાં દાખલ કરેલ સમરી''અ'' હવે મંજુર કરવાનો કોઈ મતલબ રહેતો નથી માટે સમરી નામંજુર કરી આગળની તપાસ કરી બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩ મુજબ તપાસના અંતે પોલીસ રીપોર્ટ કરવા માટે સમરી તથા તે નીચેના પેપર્સ તપાસ કરનાર અમલદારને પરત મોકલી આપવા જરૂરી જણાય આવતુ હોય તે મુજબ હુકમ કરવા રજુઆત કરેલ છે.

૫) સમગ્ર હકીકતે,સમરી''અ'' આંક–૧ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, તા.૨૦/૧૧/૨૦૧૯ ના વિજ ચેકીંગના આધારે આરોપી વિજ ચોરી કરતા પકડાઈ જતા તેઓને ડી.જી.વી.સી.એલ.રાજપીપળા દ્વારા રૂા.૪,૨૬,૦૨૬.૮ નું બીલ આપવામા આવેલ છે જે બીલની રકમ આરોપીએ ભરપાઈ કરેલ નથી અને તેથી તે રકમની વસુલાત માટે વાદી–ડી.જી.વી.સી.એલ.રાજપીપળા દ્વારા આરોપી–પ્રતિવાદી વિરૂધ્ધ રે.દિ.મુ.નં. ૪૩/૨૦૨૧ તા.૯/૩/૨૦૨૧ ના રોજ દાખલ કરેલ હતો અને તે દાવો વાદીના પુરાવા પર પેન્ડિંગ હતો તે દરમ્યાન તા.૯/૧૨/૨૦૨૨ ના રોજ મુદતે વાદી કે તેના વિ.વકીલશ્રી હાજર નહી રહેતા અને પુરાવો કે મુદત અરજી રજુ નહી કરતા વિ.પ્રિ.સીની.સીવીલ કોર્ટ,રાજપીપળાનાઓએ વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરેલ હતો અને તેથી વાદીનો દાવો વિ.પ્રિ.સીની.સીવીલ કોર્ટ,રાજપીપળાનાઓએ કાઢી નાખેલ હોય તેથી તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ ગુનો બનતો ન હોય સમરી વર્ગ''અ'' તરીકે ભરી અત્રેની કોર્ટને નાયબ પોલીસ અધિક્ષક,જી.યુ.વી.એન.

એલ.સુરત ઝોન સુરત મારફતે મોકલી આપેલ છે,પરંતુ મુળ ફરીયાદી તરફે માર્ક ૮/૧ થી રજુ કરેલ રે.દિ.મુ.નં.૪૩/૨૦૨૧ ની દાવા અરજી તથા દિ.પ.અ.નં.૧૧૮/૨૦૨૪ અન્વયે થયેલ હુકમની ખરીનકલ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે,દાવો તા.૯/૧૨/૨૦૨૨ ના રોજ ડી.ડી.થયા બાદ વાદી–ડી.જી.વી.સી.એલ.રાજપીપળા તરફે દાવો ફરી ફાઈલે લેવા દિ.પ.અ.નં.૧૧૮/૨૦૨૪ દાખલ કરેલ હતી અને તે અરજી વિ.પ્રિ.સીની.સીવીલ કોર્ટ,રાજપીપળાનાઓએ તા.૨૯/૯/૨૦૨૫ ના રોજ હુકમ કરી રૂા.૨૫,૦૦૦/–ડી.એલ.એસ.એ.માં ખર્ચ પેટે ભરપાઈ કરવાની શરતે મંજુર કરેલ છે અને તે ખર્ચની રકમ વાદી તરફે તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ ભરપાઈ કરી આપવામા આવેલ છે અને રે.દિ.મુ.નં.૪૩/૨૦૨૧ રીસ્ટોર થઈ ગયેલ છે અને તે દાવો ફરી ફાઈલે લેતા તે કામ હાલ વાદીના પુરાવા પર પેન્ડિંગ છે તેવા સંજોગોમાં રે.દિ.મુ.નં.૪૩/૨૦૨૧ નો દાવો રીસ્ટોર થઈ ગયેલ હોય અને દાવો હાલ વિ.પ્રિ.સીની.સીવીલ કોર્ટ,રાજપીપળા સમક્ષ વાદીના પુરાવા પર પેન્ડિંગ છે તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારે જે કારણસર આરોપી વિરૂધ્ધ ગુનો બનતો નથી તેમ જણાવી સમરી વર્ગ''અ'' અત્રેની કોર્ટમા રજુ કરેલ છે તે કારણ દાવો રીસ્ટોર થઈ જતા ઓટોમેટીક જતુ રહેલ છે,તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારે મુળ ફરીયાદીની ફરીયાદ અન્વયે તપાસ કરી તપાસના અંતે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૩ મુજબનો પોલીસ રીપોર્ટ અત્રેની સ્પે.કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તે મંજુર કરવો અનિવાર્ય રીતે આવશ્યક જણાય આવતુ ન હોય અને સમરી વર્ગ ''અ''નામંજુર કરવા સીવાય અન્ય વિકલ્પ રહેતો ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::– **હુકમ** –::

૧) ત.ક.અમલદાર શ્રી પી.ડી.બારોટ,પી.આઈ.,જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.ભરૂચનાએઅત્રેની કોર્ટમાં નાયબ પોલીસ અધિક્ષક,જી.યુ.વી.એન.એલ.સુરત ઝોન મારફતે તા.૮/૪/૨૦૨૬ ના રોજ આરોપી ભીમજીભાઈ ભીખાભાઈ કાકડીયાના સમર્થનમાં દાખલ કરેલ સમરી વર્ગ''અ''ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આથી નામંજુર કરવામાં આવે છે અને તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસના અંતે સમયમર્યાદામાં અત્રેની કોર્ટમાં બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩ મુજબનો પોલીસ રીપોર્ટ રજુ કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ,સમરી આંક–૧ તથા તે સાથેના તપાસના પેપર્સ હુકમની જાણ તથા અમલ થવા માટે નાયબ પોલીસ અધિક્ષક,જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે. સુરત ઝોન સુરત મારફતે તપાસ કરનાર અમલદારને તાત્કાલીક મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:– રાજપીપળા
તારીખ:–૧૦/૦૬/૨૦૨૬

(**અતુલકુમાર વિનોદભાઈ હિરપરા**)
સ્પેશ્યલ જજ–નર્મદા, મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬